અનુસૂચિત જાતિના આર્થિક અને સામાજિક વિકાસ માટેની વિવિધ સરકારી યોજનાઓ

(ખાનગી વિતરણ માટે)

: સંકલન :
જનવિકાસ

અનુસૂચિત જાતિના આર્થિક અને સામાજિક વિકાસ માટેની વિવિધ સરકારી યોજનાઓ

ખાનગી વિતરણ માટે
વર્ષઃ- ૨૦૧૩
પ્રતઃ ૫૦૦

સંકલન સંસ્થા :
જનવિકાસ,
સી-૧૦૫, રોયલ ચિન્મય ટાવર,
ન્યુ આઈ.ઓ.સી. પેટ્રોલ પંપની સામે,
પ્લેટીનમ પ્લાઝાની બાજુમાં, બોડકદેવ, અમદાવાદ – ૩૮૦૦૫૪

કાળોઃ રૂા. ૧૦/-

સંકલનઃ
જિતેન્દ્ર રાઠોડ

સંદર્ભઃ
પ્રવૃત્તિની રૂપરેખા ૨૦૧૩ – ૨૦૧૪, ગુજરાત સરકાર

પ્રિન્ટીંગ :
સત્યમ્ પ્રિન્ટ
૮, રત્ના બિઝનેસ સ્કવેર, ત્રીજે માળ, આશ્રમ રોડ, અમદાવાદ
(મો) ૯૮૨૪૬ ૮૩૭૦૬

આમુખ

આપણા દેશમાં ૧૯૭૯-૮૦ થી અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના (સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન) લાગુ કરવામાં આવેલ છે. આ યોજના મુજબ અનુસૂચિત જાતિની વસ્તીના પ્રમાણ મુજબ તેઓના આર્થિક-સામાજિક વિકાસ માટે રાજય/કેન્દ્ર સરકારના વાર્ષિક બજેટમાં જોગવાઈ કરવાની હોય છે. કેન્દ્રના બજેટમાં અનુસૂચિત જાતિની વસ્તી મુજબ ૧૬.૨ ટકા તેમજ ગુજરાત રાજયના બજેટમાં ૭.૧ ટકાની જોગવાઈ અનુસૂચિત જાતિના વિકાસ માટે કરવાની હોય છે. પરંતુ આજ દિન સુધી એક પણ સરકારે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી મુજબ બજેટમાં જોગવાઈ કરી નથી.

અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના અંર્તગત અલગ અલગ યોજનાઓ સરકારે ઘડવાની હોય છે અને તેનો અમલ કરવાનો હોય છે. આ યોજના હેઠળ ફળવાતા નાંણા મુખ્યત્વે સામાન્ય યોજનાઓમાં અને માળખાગત સુવિધાઓ જેવી કે રોડ, ફલાયઓવર, એરપોર્ટ વગેરે પાછળ ખર્ચાતા હોય છે. આ એક પ્રકારની અનુસૂચિત જાતિ સાથેની છેતરપીંડી છે. ફળવાયેલ બજેટમાંથી બહુજ ઓછા નાંણા અનુસૂચિત જાતિના લોકોના વ્યકિતગત વિકાસ તેમજ સામુદાયિક વિકાસ માટે ફળવાતા હોય છે.

વ્યકિતગત વિકાસ તેમજ સામુદાયિક વિકાસ માટે ફળવાયેલ નાંણા દ્વારા અલગ અલગ યોજનાઓ ઘડવામાં આવી છે અને લાગુ કરવામાં આવી છે. ૧૯૭૯-૮૦માં ઘડાયેલ નીતી મુજબ ખાસ અંગભૂત યોજના સરકારના દરેક વિભાગોને લાગુ પડે છે. ગુજરાત રાજયમાં અલગ અલગ વિભાગો દ્વારા ખાસ અંગભૂત યોજના હેઠળ અનુસૂચિત જાતિ માટેની વ્યકિતગત અને સામુદાયિક વિકાસ માટેની મહત્ત્વની યોજનાઓ અંગેની માહિતી આ પુસ્તિકામાં રજુ કરવામાં આવી છે. જનવિકાસ સંસ્થાના કાર્યકર જીતેન્દ્ર રાઠોડે ખૂબજ મહેનત કરી અલગ અલગ વિભાગોમાંથી માહિતી મેળવી હાલ અમલમાં હોય તેવી યોજનાઓની માહિતી આ પુસ્તિકામાં સામેલ કરેલ છે. જનવિકાસ દ્વારા પશ્ચિમ અમદાવાદમાં રહેતા વાલ્મિકી સમુદાયના વિકાસ માટે સામુદાયિક સંગઠન માનવ ગરીમા ઉભુ કરેલ છે. જીતેન્દ્ર રાઠોડ માનવ ગરીમા સાથે સંકળાઈને વાલ્મિકી સમુદાયના આર્થિક સામાજિક અધિકારો માટે કાર્ય કરી રહેલ છે. આ કામ માટે આ પ્રકારની માહિતી જરૂરી હોય જીતેન્દ્ર રાઠોડ દ્વારા આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. જનવિકાસ સંસ્થા તેમનો ખૂબ આભાર માને છે.

આ પુસ્તિકાનો ઉપયોગ સંસ્થાઓ, સંગઠનો, કર્મશીલો અને સમુદાયના આગેવાનો કરી શકે અને લોકો તેમના વિકાસ માટેની યોજનાઓનો લાભ મેળવી શકે તે અમારો હેતુ છે. આશા રાખીએ છીએ કે આ પુસ્તિકાનો ઉપયોગ વ્યાપક થાય અને અનુસૂચિત જાતિનો આર્થિક-સામાજિક વિકાસ માટે સરકાર વસ્તીના પ્રમાણમાં તેના વાર્ષિક બજેટમાં નાંણા ફાળવે અને આ નાંણા ફકત અને ફકત અનુસૂચિત જાતિના વ્યકિતગત અને સામુદાયિક વિકાસ માટે જ ફળવાય તે માટે આપણે સૌ લોક પેરવી કરીએ.

વિજય પરમાર
સી.ઈ.ઓ., જનવિકાસ

અનુક્રમણિકા

ક્રમ	યોજનાનું નામ	પાના નંબર
	શૈક્ષણિક યોજનાઓ	
૧.	પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ	૬
૨.	ખાનગી શાળામાં ભણવા માટે સહાય	૬
૩.	પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ	૬
૪.	વિદ્યાર્થિનીઓ માટે પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ	૬
૫.	ખાનગી ટ્યુશન માટે સહાય	૬
૬.	વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન	૭
૭.	કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે લોન	૭
૮.	ગણવેશ માટે સહાય	૭
૯.	અતિ પછાત જાતિના બાળકોને શિષ્યવૃત્તિ	૭
૧૦.	પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ	૭
૧૧.	એમ.ફીલ. તથા પી.એચ.ડી. માટે ફેલોશીપ	૭
૧૨.	અભ્યાસક્રમના સાધનો ખરીદવા માટે સહાય	૮
૧૩.	તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિક ઈનામ	૮
૧૪.	સરસ્વતિ સાધના યોજના	૮
૧૫.	ડૉ.બાબાસાહેબ ઍવોર્ડ	૮
૧૬.	મહાત્મા ગાંધી ઍવોર્ડ	૮
૧૭.	સંત કબીર ઍવોર્ડ	૯
૧૮.	દાસી જીવણ ઍવોર્ડ	૯
૧૯.	મહાત્મા ફૂલે ઍવોર્ડ	૯
૨૦.	સાવિત્રીબાઈ ફૂલે ઍવોર્ડ	૯
૨૧.	ગ્રાન્ટ ઈન એઈડના છાત્રાલયો ચલાવવા	૯
૨૨.	સરકારી છાત્રાલયો	૯
૨૩.	સંત શ્રી રવિદાસ કૌશલ્યવર્ધક તાલીમ	૯
૨૪.	મધ્યાહ્ન ભોજન યોજના	૯
૨૫.	ઈજનેરી અને તબીબીના વિદ્યાર્થીઓને ભોજનબીલમાં સહાય	૧૦
૨૬.	આઈ.ટી.આઈ. અને ધંધાકીય તાલીમ માટે સહાય	૧૦
૨૭.	શૈક્ષણિક લોન યોજના	૧૦

ક્રમ	યોજનાનું નામ	પાના નંબર
	આર્થિક ઉત્કર્ષની યોજનાઓ	
૨૮.	માનવ ગરિમા	૧૦
૨૯.	કુટીર ઉદ્યોગ બેકેંબલ યોજના	૧૦
૩૦.	કાયદાના સ્નાતકોને સ્વતંત્ર પ્રેક્ટીસ કરવા સહાય	૧૦
૩૧.	તબીબી સ્નાતકોને સહાય	૧૧
૩૨.	કાયદાના સ્નાતકોને સિનિયર વકીલ જોડે તાલીમ મેળવવા સહાય	૧૧
૩૩.	મહિલાઓ માટે સિવણ વર્ગો ચલાવવા	૧૧
૩૪.	કુમાર રત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય	૧૧
૩૫.	શહેરી સ્વરોજગાર કાર્યક્રમ	૧૨
૩૬.	એન.એસ.એફ.ડી.સી. યોજના	૧૨
૩૭.	બેંકેબલ યોજના	૧૨
૩૮.	ડીલરશીપ નાણાંકીય સહાય યોજના	૧૨
૩૯.	એન.એસ.કે.એફ.ડી.સી.ની સીધા ધિરાણ યોજના	૧૨
૪૦.	ગુ.સ.કા.વિ.નિ.ની યોજનાઓ	૧૨
૪૧.	એસ.આર.એમ.આર.	૧૩
૪૨.	સેનેટરી માર્ટ યોજના	૧૩
૪૩.	સીધા ધિરાણ યોજના હેઠળ મુદતી લોન	૧૩
૪૪.	માઈક્રો ક્રેડિટ ફાયનાન્સ	૧૩
૪૫.	મહિલા સમૃદ્ધિ યોજના	૧૩
૪૬.	માનવ કલ્યાણ યોજના	૧૩
૪૭.	શ્રી બાજપાઈ બેંકેબલ યોજના	૧૪
૪૮.	સોઈલ હેલ્થકાર્ડ	૧૪
૪૯.	આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો	૧૪
૫૦.	કુદરતી આફતો સામે રક્ષણ	૧૪
૫૧.	સિંચાઈ સવલતો	૧૪
૫૨.	નબળા વર્ગના ખેડૂતો માટે ખાસ કાર્યક્રમ	૧૪
૫૩.	મીશન મંગલમ્	૧૫
૫૪.	સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના	૧૫
૫૫.	મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના	૧૫
૫૬.	ફાર્મ મિકેનાઈઝેશન	૧૫

ક્રમ	યોજનાનું નામ	પાના નંબર
૫૭.	શહેરી રોજગાર વેતન કાર્યક્રમ	૧૫
૫૮.	મોડયુલર એમ્પ્લોયેબલ સ્કીમ	૧૬
૫૯.	કૃષિ શ્રમિકોને ઓળખકાર્ડ	૧૬
૬૦.	ઘરદીવડાં યોજના	૧૬
૬૧.	ઘોડિયાઘર	૧૬
	આરોગ્ય વિષયક યોજનાઓ	
૬૨.	સફાઈ કર્મચારીઓના જુથ વીમા યોજના	૧૬
૬૩.	ગટર કામદારના મૃત્યુના કેસમાં સહાય	૧૭
૬૪.	ચિરંજીવી યોજના	૧૭
૬૫.	જનની સુરક્ષા યોજના	૧૭
૬૬.	સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ	૧૭
૬૭.	જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ	૧૭
૬૮.	મુખ્યમંત્રી અમૃતમ યોજના	૧૭
૬૯.	રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના	૧૮
૭૦.	સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ	૧૮
૭૧.	સબલા	૧૮
૭૨.	અન્નમ બ્રહમ	૧૮
૭૩.	પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ	૧૮
૭૪.	મમતા દિવસ	૧૮
૭૫.	ખિલખિલાટ	૧૯
૭૬.	નવજાત શિશુ અને સઘન સારવાર કેન્દ્રો	૧૯
૭૭.	ગુજરાત કેન્સર અને રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અમદાવાદ (કેન્સર હોસ્પિટલ)	૧૯
૭૮.	યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ	૧૯
૭૯.	ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ	૧૯
૮૦.	માતા આરોગ્ય	૨૦
૮૧.	નિર્મળ ભારત અભિયાન	૨૦
૮૨.	આમ આદમી બિમા યોજના	૨૦
૮૩.	સામાજિક સુરક્ષા ફંડ	૨૦
૮૪.	પોષક આહાર કાર્યક્રમ	૨૧

ક્રમ	યોજનાનું નામ	પાના નંબર
૮૫.	બાલ ભોગ યોજના	૨૧
૮૬.	આંગણવાડીના બાળકોને ફળ આપવાની યોજના	૨૧
	આવાસની યોજનાઓ	
૮૭.	સંકલિત આવાસન અંગે ગંદા વસવાટ સુધારણા કાર્યક્રમ	૨૧
૮૮.	રાજીવ આવાસ યોજના	૨૧
૮૯.	ડૉ. આંબેડકર આવાસ યોજના	૨૧
૯૦.	સરદાર પટેલ આવાસ યોજના	૨૨
૯૧.	ઈન્દિરા આવાસ યોજના	૨૨
	અત્યાચાર અને અસ્પૃશ્યતા નિવારણ માટેની યોજનાઓ	
૯૨.	ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન	૨૨
૯૩.	અત્યાચારના બનાવોમાં સહાય	૨૨
	અન્ય યોજનાઓ	
૯૪.	કુંવરબાઈનું મામેરૂ	૨૩
૯૫.	માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમુહ લગ્નની યોજના	૨૩
૯૬.	વિધવા બહેનોના પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય	૨૩
૯૭.	અંત્યોદય અન્ન યોજના	૨૩
૯૮.	અન્નપૂર્ણા યોજના	૨૪
૯૯.	બારકોડેડ રેશનકાર્ડ	૨૪

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત			અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
શૈક્ષણિક યોજનાઓ					
૧.	પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ	અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂા. ૨૫૦/- અને ધોરણ ૯ અને ૧૦માં રૂા. ૪૦૦/- સુધીની પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. કોઈ આવક મર્યાદા નથી.			શાળા
૨.	ખાનગી શાળામાં ભણવા માટે સહાય	અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખ્યાતનામ શાળાઓમાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપવા રૂા.૫૦,૦૦૦/- અથવા ખરેખર ખર્ચની રકમ, જે ઓછું હોય તેટલી સહાય આપવામાં આવે છે.			જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૩.	પ્રિ.એસ.એસ.સી. શિષ્યવૃત્તિ	અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીઓના ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નીચે જણાવેલ દર પ્રમાણે શિષ્યવૃત્તિ દસ માસ માટે આપવામાં આવે છે. કોઈ આવક મર્યાદા નથી.			શાળા
		ડે સ્કોલર હોસ્ટેલર એડહોક ગ્રાન્ટ ડે સ્કોલર	ધો. ૧થી ૧૦ ધો. ૩ થી ૧૦ હોસ્ટેલર	રૂા. ૧૧૦/- માસિક રૂા. ૭૦૦/- માસિક રૂા.૧,૦૦૦/- વાર્ષિક રૂા. ૭૫૦/- વાર્ષિક	
૪.	વિદ્યાર્થિનીઓ માટે પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ	પોસ્ટ એસ.એસ.સી. અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓનાં કુટુંબની વાર્ષિક આવક રૂા. ૨ લાખથી વધુ થતી હોય તો તેવી વિદ્યાર્થિનીઓને રાજ્ય સરકાર શિષ્યવૃત્તિ આપે છે			શાળા
૫.	ખાનગી ટ્યુશન માટે સહાય	અનુસૂચિત જાતિના ધોરણ ૧૦માં ૭૫ ટકાથી વધુ ગુણ મેળવનાર વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન માટે ધો.૧૧માં રૂા. ૧૨,૫૦૦/- અને ધો.૧૨માં રૂા. ૧૨,૫૦૦/-ની સહાય આપવામાં આવે છે. જે માટે કૌટુંબિક આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/-થી વધુ હોવી જોઈએ નહી. જયારે સામાન્ય પ્રવાહમાં ધો.૧૧માં રૂા. ૮,૦૦૦/- અને ધો.૧૨માં રૂા.૪,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. જેમાં વાર્ષિક આવક મર્યાદાનું ધોરણ રૂા. ૬૦,૦૦૦/- છે.			જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૬.	વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન	અનુસૂચિત જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે રૂા. ૧૦ લાખની લોન ૪ ટકાના વ્યાજે આપવામાં આવે છે. કોઈ આવક મર્યાદા નથી.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૭.	કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે લોન	કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે રૂા. ૨૦ લાખની ૪ ટકાના વ્યાજ દરે લોન આપવામાં આવે છે. આવક મર્યાદા નથી.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૮.	ગણવેશ માટે સહાય	અનુસૂચિત જાતિના ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતાં બાળકોને રૂા. ૩૦૦/- ગણવેશ પેટે આપવામાં આવે છે.	શાળા
૯.	અતિ પછાત જાતિના બાળકોને શિષ્યવૃત્તિ	અનુસૂચિત જાતિમાં અતિ પછાત એવી વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, તુરી, ગરો, વણકર સાધુ જેવી ૧૨ જ્ઞાતિના ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં બાળકોને વાર્ષિક રૂા. ૭૫૦/- અને ધોરણ ૯ અને ૧૦માં રૂા. ૧,૦૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં આવક મર્યાદા નથી.	શાળા
૧૦.	પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ	અનુસૂચિત જાતિના તમામ લાયક વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ પછીના જુદા જુદા અભ્યાસક્રમોમાં ગૃપવાઈઝ હોસ્ટેલરને માસિક રૂા. ૩૮૦/- થી રૂા. ૧,૨૦૦/- અને ડે સ્કોલરને માસિક રૂા. ૨૩૦/- થી રૂા. ૫૫૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨ લાખની છે.	શાળા
૧૧.	એમ.ફીલ. તથા પી.એચ.ડી. માટે ફેલોશીપ	એમ.ફીલ. તથા પી.એચ.ડી.ના અભ્યાસક્રમોમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને મહાનિબંધ લખવા માટે એમ.ફીલ. માટે માસિક રૂા. ૨,૫૦૦/- અને પી.એચ.ડી. માટે માસિક રૂા. ૩,૦૦૦/- લેખે ફેલોશિપ આપવામાં આવે છે. રૂા. ૨,૦૦,૦૦૦/- આવક મર્યાદા છે.	કૉલેજ અથવા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૧૨.	અભ્યાસક્રમના સાધનો ખરીદવા માટે સહાય	મેડીકલ અને એન્જીનીયરીંગ – ડીપ્લોમામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અભ્યાસક્રમને લગતાં સાધનો ખરીદવા માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૩,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા રૂા. ૪૪,૫૦૦/- છે.	કૉલેજ અથવા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૧૩.	તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિક ઈનામ	અનુસૂચિત જાતિના ધોરણ ૧૦ અને ૧૨માં તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિક ઈનામ આપવામાં આવે છે. ધોરણ ૧૦માં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને રૂા. ૪૧,૦૦૦/-, દ્વિતીય ક્રમે આવનારને રૂા. ૨૧,૦૦૦/- અને તૃત્તિય ક્રમે રૂા. ૧૧,૦૦૦/- ઈનામ આપવામાં આવે છે. ધોરણ ૧૨માં રૂા. ૩૧,૦૦૦/-, રૂા. ૨૧,૦૦૦/- અને રૂા. ૧૧,૦૦૦/- અનુક્રમે પ્રથમ, બીજો અને ત્રીજા ક્રમને આપવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૧૪.	સરસ્વતિ સાધના યોજના	આ યોજના હેઠળ અનુસૂચિત જાતિની ધોરણ ૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને પોતાના રહેઠાણની અવર-જવર કરીને, ગ્રામ વિસ્તારમાં ૨.૫ કિ.મી.ના અંતર અને શહેરી વિસ્તારમાં ૩ કિ.મી.નાં અંતરને ધ્યાને લઈ સાયકલ ભેટ આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૩૬,૦૦૦/- રાખવામાં આવી છે.	શાળા અથવા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૧૫.	ડૉ.બાબાસાહેબ ઍવોર્ડ	સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિ / મહાનુભાવને રૂા. ૧ લાખનો ડૉ.બાબાસાહેબ ઍવોર્ડ આપવામાં આવે છે.	નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર
૧૬.	મહાત્મા ગાંધી ઍવોર્ડ	સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર સંસ્થાને રૂા. ૧ લાખનો મહાત્મા ગાંધી ઍવોર્ડ આપવામાં આવે છે.	નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૧૭.	સંત કબીર ઍવોર્ડ	સર્જનાત્મક દલિત સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ અને મૌલિક યોગદાન આપનાર અનુસૂચિત જાતિના સાહિત્યકારને રૂા. ૫૦,૦૦૦/-નો સંતશ્રી કબીર દલિત સાહિત્ય ઍવોર્ડ આપવામાં આવે છે.	નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર
૧૮.	દાસી જીવણ ઍવોર્ડ	અનુસૂચિત જાતિના સાહિત્યકારને સર્વશ્રેષ્ઠ કૃતિનો રૂા. ૨૫,૦૦૦/-નો દાસી જીવણ ઍવોર્ડ આપવામાં આવે છે.	નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર
૧૯.	મહાત્મા ફૂલે ઍવોર્ડ	અનુસૂચિત જાતિના શ્રેષ્ઠ પત્રકારને રૂા. ૨૫,૦૦૦/-નો મહાત્મા ફૂલે ઍવોર્ડ આપવામાં આવે છે.	નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર
૨૦.	સાવિત્રિબાઈ ફુલે ઍવોર્ડ	અનુસૂચિત જાતિના લોકોને હસ્તકલા, કારીગરીક્ષેત્રે આગળ લાવવા માટે અનુસૂચિત જાતિની મહિલાઓએ આપેલ યોગદાન પેટે રૂા. ૫૦,૦૦૦/-નો ઍવોર્ડ આપવામાં આવે છે.	નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર
૨૧.	ગ્રાન્ટ ઈન એઈડના છાત્રાલયો ચલાવવા	સ્વૈચ્છિક સંસ્થાઓને છાત્રાલયો ચલાવવા માટે વિદ્યાર્થી દીઠ માસિક રૂા. ૧,૦૦૦/- લેખે ભોજન ગ્રાન્ટ દસ માસ માટે આપવામાં આવે છે.	નિયામક, અનુસૂચિત જાતિ વિકાસ, ગાંધીનગર
૨૨.	સરકારી છાત્રાલયો	કૉલેજ કક્ષાના શિક્ષણ માટે રાજ્યમાં સમાજ કલ્યાણ ખાતા દ્વારા સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૨૩.	સંત શ્રી રવિદાસ કૌશલ્ય વર્ધક તાલીમ	અનુસૂચિત જાતિના યુવક/યુવતિઓ સ્પર્ધામાં ટકી શકે અને વિભિન્ન ક્ષેત્રોમાં નોકરીની તકો પુરી પાડી શકાય તે માટે હાઈસ્કીલ તાલીમ આપવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૨૪.	મધ્યાહ્ન ભોજન યોજના	તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોને વિનામૂલ્યે સરકાર દ્વારા નિયત પ્રમાણમાં મધ્યાહ્ન ભોજન આપવામાં આવે છે.	શાળા

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૨૫.	ઈજનેરી અને તબીબીના વિદ્યાર્થીઓને ભોજનબીલમાં સહાય	કૉલેજ સંલગ્ન છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માસિક રૂા. ૬૦૦/- દસ માસ સુધી સહાય આપવામાં આવે છે. રૂા. ૨,૦૦,૦૦૦/-ની આવક મર્યાદા છે.	કૉલેજ
૨૬.	આઈ.ટી.આઈ. અને ધંધાકીય તાલીમ માટે સહાય	રૂા. ૪૦૦/- માસિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૩૬,૦૦૦/- આવક મર્યાદા છે.	આઈ.ટી.આઈ.
૨૭.	શૈક્ષણિક લોન યોજના	સફાઈ કામદાર અને તેમના આશ્રિતોને સ્નાતક તથા ઉચ્ચ કક્ષાના વ્યાવસાયિક અને ટેકનિકલ શિક્ષણ પ્રાપ્ત કરવા લોન આપવામાં આવે છે. આ લોન યોજના તબીબી, ઈજનેરી, કાયદા, વ્યવસ્થાપન, માહિતી, પ્રોદ્યોગિક/કોમ્પ્યૂટર વિગેરે અભ્યાસક્રમો માટે આપવામાં આવે છે. ભારતમાં અભ્યાસ કરવા રૂા. ૧૦ લાખ અને વિદેશમાં અભ્યાસ કરવા માટે રૂા. ૨૦ લાખની લોન આપવાની જોગવાઈ છે.	ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ
આર્થિક ઉત્કર્ષની યોજનાઓ			
૨૮.	માનવ ગરિમા	અનુસૂચિત જાતિને સ્વરોજગારીના ધંધા માટે ધંધા/રોજગારી કિટ્સ આપવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૨૯.	કુટીર ઉદ્યોગ બેંકેબલ યોજના	અનુસૂચિત જાતિના વ્યક્તિને કુટીર ઉદ્યોગ બેંકેબલ યોજનામાં રૂા. ૧૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.	ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ
૩૦.	કાયદાના સ્નાતકોને સ્વતંત્ર પ્રેક્ટીસ કરવા સહાય	અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને સ્વતંત્ર પ્રેક્ટીસ માટે રૂા. ૭,૦૦૦/- ૪ ટકાના વ્યાજવાળી લોન અને રૂા. ૫,૦૦૦/- સહાય આપવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત		અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૩૧.	તબીબી સ્નાતકોને સહાય	અનુસૂચિત જાતિના તબીબી સ્નાતકોને રૂા. ૨,૫૦,૦૦૦/- ૪ ટકાના વ્યાજવાળી લોન અને રૂા. ૨૫,૦૦૦/-ની સહાય કરવામાં આવે છે. પોસ્ટ ગ્રેજ્યુએટને ડીસ્પેન્સરી, નર્સિંગ હોમ શરૂ કરવા માટે રૂા. ૩,૦૦,૦૦૦/- લોન અને રૂા. ૫૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે.		જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૩૨.	કાયદાના સ્નાતકોને સિનિયર વકીલ જોડે તાલીમ મેળવવા સહાય	કાયદાના સ્નાતકોને સિનિયર વકીલ જોડે તાલીમ મેળવે તો તાલીમ લેનાર કાયદાના સ્નાતકોને પ્રથમ વર્ષે માસિક રૂા. ૧,૦૦૦/- બીજા વર્ષે માસિક રૂા. ૮૦૦/- અને ત્રીજા વર્ષે માસિક રૂા. ૬૦૦/- લેખે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે અને તાલીમ આપનાર સિનિયર વકીલને માસિક રૂા. ૫૦૦/- આપવામાં આવે છે.		જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૩૩.	મહિલાઓ માટે સિવણ વર્ગો ચલાવવા	અનુસૂચિત જાતિની મહિલાઓ માટે સિવણ વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં માસિક રૂા. ૨૫૦/- સ્ટાઈપેન્ડ અને સફળ તાલીમ બાદ સિવણ મશીન ખરીદવા રૂા. ૧,૫૦૦/-ની સહાય આપવામાં આવે છે.		તાલુકા પંચાયત
૩૪.	કુમાર રાજરત્ન ભીમરાવ આંબેડકર વૈદકીય સહાય	અનુસૂચિત જાતિના દર્દીઓને નીચે મુજબની સહાય આપવામાં આવે છે.		જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
		ટી.બી. જેવા દર્દી માટે	માસિક રૂા. ૫૦૦/- દર્દ મટે ત્યાં સુધી	
		કેન્સર માટે	માસિક રૂા. ૧,૦૦૦/- દર્દ મટે ત્યાં સુધી	
		રક્તપિત્ત	માસિક રૂા. ૮૦૦/- દર્દ મટે ત્યાં સુધી	
		ગંભીર પ્રસુતિના કેસોમાં	રૂા. ૫૦૦/- કેસ દીઠ	
		સામાન્ય દર્દ માટે	રૂા. ૧૫૦/- કેસ દીઠ	
		એચ.આઈ.વી. એઈડ્સ	રૂા. ૫૦૦/- કેસદીઠ	

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૩૫.	શહેરી સ્વરોજગાર કાર્યક્રમ	આ યોજના હેઠળ સ્વરોજગારી સાહસો શરૂ કરવા માટે શહેરી ગરીબ લાભાર્થીઓને તથા શહેરી વિસ્તારોમાં મહિલાઓ અને બાળકોના વિકાસ તથા શહેરી ગરીબ લાભાર્થીઓ માટે રોજગારલક્ષી કાર્યક્રમ આવરી લેવામાં આવે છે.	તાલુકા વિકાસ અધિકારી
૩૬.	એન.એસ.એફ. ડી.સી. યોજના	અનુસૂચિત જાતિના વ્યક્તિઓને ૪ ટકાથી ૬ ટકાના વ્યાજ દરે ધિરાણ આપવામાં આવે છે, જેમાં વાહનો જેવા કે પેસેન્જર ઓટો રીક્ષા, માલવાહક રીક્ષા, ટ્રેકટર, માઈક્રો ફાઈનાન્સ, મહિલા સમૃદ્ધિ યોજના અને દુધાળા ઢોરનો સમાવેશ થાય છે.	ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ
૩૭.	બેંકેબલ યોજના	ગરીબી રેખા હેઠળ આવતા અનુસૂચિત જાતિના વ્યક્તિઓને ધંધા/વેપાર માટે મહત્તમ રૂા. ૧ લાખ અને ઉદ્યોગ/સેવા માટે મહત્તમ ૨ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે અને ધિરાણના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦/-ની મર્યાદામાં સબસીડી આપવામાં આવે છે.	ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ
૩૮.	ડીલરશીપ નાણાકીય સહાય યોજના	અનુસૂચિત જાતિના શિક્ષિત બેરોજગાર યુવાનોને પેટ્રોલપંપ, ગેસ, કેરોસીન, ક્રુડ વિતરણની એજન્સી માટે રૂા. ૫૦,૦૦૦/- ૪ ટકાના વ્યાજ દરે સહાય આપવામાં આવે છે.	ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ
૩૯.	એન.એસ.કે.એફ. ડી. સી.ની સીધા ધિરાણ યોજના	રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણા અને વિકાસ નિગમ તરફથી સીધા ધિરાણ યોજના હેઠળ નિગમ દ્વારા જુદા જુદા ધંધા અને વ્યવસાય માટે આવક મર્યાદા સિવાય સફાઈ કામદાર અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે વ્યક્તિગત રૂા. ૫ લાખ સુધીનું ધિરાણ ૬ ટકાના વ્યાજ દરે કરવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૪૦.	ગુ.સ.કા.વિ.નિ. ની યોજનાઓ	અનેક પ્રકારની આવક નિર્માણ પ્રવૃત્તિઓ માટે નિગમ નાણાકીય સહાય પૂરી પાડે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૪૧.	એસ.આર.એમ. આર.	મેન્યુઅલ સ્કેવેન્જર્સ અને તેમના આશ્રિતોના પુનઃસ્થાપન માટે સ્વરોજગારીની પ્રવૃત્તિઓ માટે લોન અને સબસીડી આપવામાં આવે છે અને એક વર્ષ સુધી તાલીમ આપવામાં આવે છે. લઘુ ધિરાણ રૂા. ૨૫,૦૦૦/- અને મુદ્દતી ધિરાણ રૂા. ૫ લાખ સુધી આપવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૪૨.	સેનેટરી માર્ટ યોજના	સેનેટરી માર્ટ યોજના અંતર્ગત સફાઈ કામદાર અથવા તેમના આશ્રિતોની રજીસ્ટર્ડ મંડળી દ્વારા સજળ જાજરૂનું બાંધકામ અને સ્વચ્છતા વિષયક સાધન સામગ્રીના ઉત્પાદન અને વેચાણની પ્રવૃત્તિઓ માટે રૂા. ૫ લાખ સુધીનું ધિરાણ મળવાપાત્ર છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૪૩.	સીધા ધિરાણ યોજના હેઠળ મુદતી લોન	રૂા. ૫ લાખ સુધીના વિવિધ પ્રોજેકટ માટે લોન આપવામાં આવે છે આમ છતાં સ્વચ્છતાલક્ષી આર્થિક પ્રવૃત્તિઓ માટે રૂા. ૧૦ લાખના પ્રોજેકટ માટે છ ટકાના વ્યાજના દરે મુદતી લોન/સહાય આપવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૪૪.	માઈક્રો ક્રેડિટ ફાયનાન્સ	આવક નિર્માણની પ્રવૃત્તિઓ વિકસાવવા માટે રૂા. ૩૦,૦૦૦/-ની મર્યાદામાં ધિરાણ આપવામાં આવે છે. વ્યાજદર વધુમાં વધુ ૫ ટકાનો દર.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૪૫.	મહિલા સમૃદ્ધિ યોજના	મહિલાઓ માટે આવક નિર્માણની પ્રવૃત્તિઓ વિકસાવવા માટે રૂા. ૩૦,૦૦૦ની મર્યાદામાં ધિરાણ આપવામાં આવે છે. વ્યાજદર વધુમાં વધુ ૪ ટકાનો દર.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૪૬.	માનવ કલ્યાણ યોજના	આ યોજનામાં ફેરિયા, શાકભાજી વેચનાર, સુથારીકામ વિગેરે જેવી ૧૪૨ ટ્રેડમાં નાના પ્રકારના વેપાર/ધંધા કરવા સમાજના નબળા વર્ગોના લોકો કે જેની કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૩૦,૦૦૦/-ની હોય તેવા લોકોને આર્થિક આવકમાં વધારો કરવા માટે વ્યવસાય માટે રૂા. ૬,૦૦૦/-ની મર્યાદામાં જરૂરી સાધન/ઓજાર સહાય સ્વરૂપે આપવામાં આવે છે.	જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૪૭.	શ્રી બાજપાઈ બેંકેબલ યોજના	આ યોજનાથી શિક્ષિત બેરોજગારો તથા કારીગરોને સ્વરોજગારની તક મળે છે. આ યોજનામાં ઉદ્યોગ, ધંધા અને સેવાક્ષેત્રોને આવરી લેવાયા છે. બેંકેબલ યોજનામાં સબસીડીના ધોરણો ઉદ્યોગ, સેવા અને વેપારમાં અનુક્રમે રૂા.૩૦,૦૦૦/-, રૂા.૧૫,૦૦૦/- અને રૂા. ૧૦,૦૦૦/- કરવામાં આવે છે.	જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર
૪૮.	સોઈલ હેલ્થકાર્ડ	આ યોજના અંતર્ગત તમામ ખેડૂતોને સોઈલ હેલ્થકાર્ડ આપવામાં આવે છે.	તાલુકા પંચાયત
૪૯.	આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો	કૃષિ ખાતાએ તાલુકા કક્ષાએ મદદનીશ ખેતી નિયામક / ખેતી અધિકારીને કૃષિ સહાય યોજનાઓનું અમલીકરણ કરવા નિમણુંક કરી છે.	તાલુકા પંચાયત
૫૦.	કુદરતી આફતો સામે રક્ષણ	ખેડૂતોને કુદરતી આફતો સામે રક્ષણ તેમજ જોખમ સામે ખેડૂતોને આર્થિક વળતર આપવા (૧) પાક વીમા યોજના (૨) ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના (૩) ભાવસ્થિરીકરણ જેવી યોજનાઓનો અમલ કરવામાં આવે છે.	તાલુકા પંચાયત
૫૧.	સિંચાઈ સવલતો	અનુસૂચિત જાતિના નાના તેમજ સિમાન્ત ખેડૂતોને સિંચાઈ સવલતો જેવી કે નવા કુવાઓના બાંધકામ, વિસ્ફોટન દ્વારા કુવાની સિંચાઈ સુધારણા, ઓઈલ એન્જિન, પંપ કે વીજળીની મોટર ગોઠવવા તેમજ પાઈપ લાઈન માટે સહાય પૂરી પાડી તેમના કૃષિ ઉત્પાદનમાં વધારો કરવા સહાય કરવામાં આવે છે.	તાલુકા પંચાયત
૫૨.	નબળા વર્ગના ખેડૂતો માટે ખાસ કાર્યક્રમ	અનુસૂચિત જાતિના ખેડૂતોને કૃષિ વિષયક સહાય આપી પાક ઉત્પાદન / ઉત્પાદકતા વધારવામાં આવે છે તેમજ રાજયના ગરીબ ખેડૂતોને બિયારણ, જંતુનાશક દવાઓ અને ખેતી માટેના સાધનોની વિનામૂલ્યે કૃષિ કિટ્સ વિતરણ કરવામાં આવે છે.	તાલુકા પંચાયત

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૫૩.	મીશન મંગલમ્	ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને ગરીબી રેખા ઉપર લાવવા તે આ યોજનાનો હેતુ છે. આ યોજના હેઠળ સ્વ-સહાય જૂથોની રચના કરવી, આવા જૂથોને રિવોલ્વિંગ ફંડ આપવું, જૂથના સભ્યોને પાયાની તાલીમ વિગેરે સહાય આપવામાં આવે છે.	તાલુકા પંચાયત
૫૪.	સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના	ગ્રામ્ય વિસ્તારમાં ગરીબી રેખા નીચે જીવતા ગરીબોને સંગઠીત કરી સ્વનિર્ભર જૂથો બનાવી, તાલીમ આપી જરૂરી ધિરાણ આપી માળખાકીય સુવિધા અને બજાર વ્યવસ્થા તાંત્રિક વિકાસ સુધીના સ્વરોજગારના તમામ પાસાં આવરી લઈને ગરીબ કુટુંબોને ત્રણ વર્ષમાં બેંક લોન અને સરકારી સહાયની એકત્રિત રકમથી આવક ઉત્પન્ન કરતી અસ્કયામતો આપી ગરીબી રેખાથી ઉપર લાવવાનો હેતુ છે.	તાલુકા પંચાયત
૫૫.	મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના	આ યોજના અન્વયે ગ્રામીણ વિસ્તારમાં રહેતા કુટુંબો કે જેમના પુખ્ત વયના સભ્યો બીનકુશળ અને શારીરિક શ્રમથી કરી શકાય તેવા કામો કરવા માટે તૈયાર હોય તેવાં લોકોને નાણાકીય વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારીની ખાતરી આપવામાં આવે છે.	તાલુકા પંચાયત
૫૬.	ફાર્મ મિકેનાઈઝેશન	ખેડૂતોને ખેતી વિષયક યાંત્રિકરણનો લાભ મળે તે હેતુથી પાવર ઓપરેટેડ સુધારેલા ખેત ઓજારો / ફાર્મ મશીનરી સહાયિત દરે આપવામાં આવે છે. ખેડૂતોને ટ્રેકટર ખરીદી માટે સહાય કરવામાં આવે છે.	તાલુકા પંચાયત
૫૭.	શહેરી રોજગાર વેતન કાર્યક્રમ	આ યોજના હેઠળ સને ૧૯૯૧ની વસ્તી ગણતરીના આધારે ૫ લાખથી ઓછી વસ્તી ધરાવતી નગરપાલિકા તેના માળખાકીય કામો માટે સામાજિક અને આર્થિક રીતે ઉપયોગી સંપતિના નિર્માણ માટે ગરીબી રેખા હેઠળના લાભાર્થીઓને રોજગારી પૂરી પાડવાના હેતુથી આ યોજના અમલમાં છે.	તાલુકા પંચાયત

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૫૮.	મોડયુલર એમ્પ્લોયેબલ સ્કીમ	અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલ કામદારો, શાળાકીય શિક્ષણ અધવચ્ચે છોડી જનાર કારખાનામાં કામ કરતાં કામદારો કે જેઓ પુરતુ કૌશલ્ય ધરાવતા નથી તેવાં ઉમેદવારો આ યોજના હેઠળ તાલીમ મેળવી અને એન.સી.વી.ટી. પ્રમાણપત્ર મેળવી શકે.	તાલુકા પંચાયત
૫૯.	કૃષિ શ્રમિકોને ઓળખકાર્ડ	રાજયના તમામ કૃષિ શ્રમિકોને વિના મૂલ્યે ઓળખકાર્ડ આપવાની યોજના અમલમાં છે.	તાલુકા પંચાયત
૬૦.	ઘરદીવડાં યોજના	આ યોજના હેઠળ ગરીબી રેખા હેઠળની મહિલાઓ કે જેમના કુટુંબની વાર્ષિક આવક રૂા. ૩૬,૦૦૦/- સુધીની હોય અને ૧૮ થી ૫૦ વર્ષની મહિલાઓને આર્થિક સહાય કરવામાં આવે છે. આ યોજના હેઠળ આર્થિક પ્રવૃત્તિ માટે રૂા. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં બેંકો દ્વારા લોન આપવા માટે ભલામણ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત ધંધા ક્ષેત્ર માટે વધુમાં વધુ રૂા. ૭,૫૦૦/-, સેવા ક્ષેત્ર માટે ૧૦,૦૦૦/- તથા ઉદ્યોગક્ષેત્ર માટે રૂા. ૧૨,૫૦૦/- ની સબસીડી ચૂકવવામાં આવે છે.	તાલુકા પંચાયત
૬૧.	ઘોડિયાઘર	શહેરી પછાત અને ગ્રામ્ય વિસ્તારની બહેનો રોજીરોટી માટે કારખાનામાં, ખેતી કામમાં કે અન્ય કામે મજૂરીએ જાય ત્યારે પોતાના બાળકોને સાચવવાનો પ્રશ્ન તેમને ખાસ મૂંઝવણરૂપ બને છે બહેનોની આ મુશ્કેલી દૂર કરવા તથા તેઓ રોજીરળી આર્થિક સદ્ધરતા મેળવી શકે તે હેતુસર ઘોડિયાઘરની યોજના અમલી છે.	તાલુકા પંચાયત
આરોગ્ય વિષયક યોજનાઓ			
૬૨.	સફાઈ કર્મચારીઓના જૂથ વીમા યોજના	અનુસૂચિત જાતિ પૈકી પછાત એવી વાલ્મિકી જાતિના સફાઈ કામ કરતાં લોકોને પ્રિમીયમ ગ્રૂપ ઈન્સોરન્સ સ્કીમ હેઠળ આવરી લેવામાં આવે છે અને આ જુથ વીમા યોજના હેઠળ રૂા. ૧,૦૦,૦૦૦/-નું વીમા કવચ પુરું પાડવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૬૩.	ગટર કામદારના મૃત્યુના કેસમાં સહાય	ગટરમાં ગુંગળામણથી આકસ્મિત મૃત્યુ થાય તો તેવા કિસ્સામાં રૂા. ૧ લાખની સહાય આપવામાં આવે છે.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૬૪.	ચિરંજીવી યોજના	સંસ્થાકીય પ્રસુતિ વધારવાના પ્રયાસરૂપે આ યોજના ચાલુ છે. આ યોજનાનો લાભ રાજ્યની બીપીએલ કુટુંબોની સગર્ભા માતા, અનુસૂચિત જાતિની આવક ન ભરતા કુટુંબોની સગર્ભા માતાઓને અપાય છે. પ્રસુતિ સેવા પૂરી પાડવા કરારથી જોડાયેલ ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાત દ્વારા વિના મૂલ્યે પ્રસુતિ સેવા પૂરી પાડવામાં આવે છે.	આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
૬૫.	જનની સુરક્ષા યોજના	આ યોજના હેઠળ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બીપીએલ લાભાર્થી મહિલાને સગર્ભા અવસ્થા દરમિયાન અને પ્રસુતિ બાદ પૌષ્ટિક આહાર માટે રૂા. ૫૦૦/-ની સહાય બેરર ચેકથી અને રૂા. ૨૦૦/- સંસ્થાકીય પ્રસુતિ માટે પરિવહન સહાય ચૂકવવામાં આવે છે.	આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
૬૬.	સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ	આ યોજના હેઠળ ડિપ્થેરિયા, ઉંટાટિયું, ક્ષય, લકવો, ઓરી અને ધનુર જેવા છ ઘાતક રોગો સામે રક્ષણ આપે છે.	આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
૬૭.	જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ	સગર્ભા માતાને પ્રસુતિના ૪૨ દિવસ સુધી તથા નવજાત શિશુને જન્મ બાદ ૩૦ દિવસ સુધી આરોગ્યલક્ષી તમામ સેવાઓ સરકારી સંસ્થાઓમાં વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
૬૮.	મુખ્યમંત્રી અમૃતમ યોજના	આ યોજના હેઠળ મુકરર થયેલ ગંભીર પ્રકારની બીમારીઓમાં સારવાર માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધીની કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજના હેઠળ ગરીબી હેઠળ જીવતા કુટુંબના પાંચ વ્યક્તિઓને લાભ આપવામાં આવે છે.	તાલુકા કક્ષાએ કિઓસ્કઈ

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૬૯.	રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના	આ યોજના હેઠળ અસંગઠિત ક્ષેત્રના મુખ્યત્વે ગરીબી રેખા હેઠળ જીવતા મહત્તમ પાંચ વ્યક્તિઓના કુટુંબને વાર્ષિક રૂા. ૩૦,૦૦૦/- સુધી વીમા કવચ હેઠળ આવરી લેવામાં આવે છે.	આંગણવાડી, તાલુકા પંચાયત
૭૦.	સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ	આ કાર્યક્રમ હેઠળ ૬ વર્ષથી નાની વયના બાળકોને ૫૦૦ કેલેરી અને ૧૨ થી ૧૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવા પોષણયુક્ત આહાર આપવામાં આવે છે અને અતિશય ઓછા વજનવાળા બાળકોને ૮૦૦ કેલેરી અને ૨૦થી ૨૫ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. સગર્ભા માતાઓને ૬૦૦ કેલેરી અને ૧૮ અને ૨૦ ગ્રામ પ્રોટીન મળી રહે તેવો આહાર આપવામાં આવે છે.	આંગણવાડી, તાલુકા પંચાયત
૭૧.	સબલા	શાળાએ ન જતી ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને દૈનિક રૂા. ૫ પ્રમાણે ૩૦૦ દિવસ માટે પોષણ આપવાની જોગવાઈ છે.	આંગણવાડી, તાલુકા પંચાયત
૭૨.	અન્નમ બ્રહમ	રાજ્યમાં ભૂખમરા અને કુપોષણથી થતાં મૃત્યુને રોકવા તેમજ ઘર વિહોણા અને અનાથ બાળકોને વિના મૂલ્યે માસિક ૧૦ થી ૧૫ કિ.ગ્રા. અનાજનું વિતરણ કરવામાં આવે છે.	તાલુકા પંચાયત
૭૩.	પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ	આ કાર્યક્રમનો હેતુ મહિલા અને બાળકોના આરોગ્ય સ્તરને અસરકારક રીતે સુધારવાનો, ગરીબ અને ઓછી આવક ધરાવતા લોકોની પરિવાર કલ્યાણની વણ સંતોષાયેલ જરૂરિયાત પૂરી કરવાનો અને તે દ્વારા બાળમરણ, માતામરણ અને માંદગીનું પ્રમાણ ઘટાડવાનો છે	આંગણવાડી, તાલુકા પંચાયત
૭૪.	મમતા દિવસ	દરેક ગામમાં પ્રત્યેક માસના એક બુધવારે મમતા દિવસ યોજાય છે આ દિવસે રસીકરણ, પૂર્વપ્રસુતિ નોંધણી, પૂર્વપ્રસુતિ તપાસ, માતા અને બાળકના વૃદ્ધિની ચકાસણી જેવી પ્રવૃત્તિઓ દરેક ગામમાં હાથ ધરાય છે.	આંગણવાડી, તાલુકા પંચાયત

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૭૫.	ખિલખિલાટ	તંદુરસ્ત માતા અને તંદુરસ્ત બાળક ઘરે તરત પહોંચે તે માટે સરકારી સંસ્થામાંથી માતા અને નવજાત શિશુને પ્રસુતિ બાદ સરકારી સંસ્થામાંથી ઘરે મુકવા ખિલખિલાટ વાહનની વ્યવસ્થા કરવામાં આવેલ છે.	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી દવાખાનું
૭૬.	નવજાત શિશુ અને સઘન સારવાર કેન્દ્રો	બાળ મૃત્યુ ઘટાડવા માટે રાજ્યની તમામ મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલો અને જિલ્લા હોસ્પિટલોમાં નવજાત શિશુ સઘન સારવાર કેન્દ્રો કાર્યરત છે.	જિલ્લા હોસ્પિટલ
૭૭.	ગુજરાત કેન્સર અને રીસર્ચ ઈન્સ્ટીટયુટ અમદાવાદ (કેન્સર હોસ્પિટલ)	આ સંસ્થા વિવિધ પ્રકારના કેન્સરના રોગોમાં સારવાર આપે છે. આ સંસ્થામાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા તમામ કેન્સરના દર્દીઓને વિના મૂલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે. વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના કેન્સરના દર્દીઓને વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે.	કેન્સર હોસ્પિટલ, અમદાવાદ
૭૮.	યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ	આ સંસ્થા ખાતે હૃદય રોગની આધુનિક અને ઘનિષ્ઠ સારવાર આપવામાં આવે છે. આ સંસ્થામાં દર્દીઓ માટે એન્જીયોગ્રાફી, બાયપાસ સર્જરી અને બલુન પ્લાસ્ટી જેવી સારવાર ઉપલબ્ધ છે. વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના હૃદયરોગના દર્દીઓને વિના મૂલ્યે તબીબી સારવાર અને વધુ આવક ધરાવતા દર્દીઓને ૫૦ ટકા રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે.	યુ.એન.મહેતા હોસ્પિટલ, અમદાવાદ
૭૯.	ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ	આ સંસ્થામાં ડાયાલીસીસ, કીડની ટ્રાન્સપ્લાન્ટ અને લીવર ટ્રાન્સપ્લાન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/-થી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના દર્દીઓને વિનામૂલ્યે અને રૂા. ૫૦,૦૦૦/-થી વધુ આવક ધરાવતા દર્દીઓને ૫૦% રાહતથી તબીબી સારવાર આપવામાં આવે છે અને બી.પી.એલ. કાર્ડ ધરાવતા તમામને વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે.	કિડની હોસ્પિટલ, અમદાવાદ

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૮૦.	માતા આરોગ્ય	આ કાર્યક્રમ હેઠળ સગર્ભા સ્ત્રીઓની પૂર્વ પ્રસુતિ સેવાઓ માટે નોંધણી, તબીબ દ્વારા ઓછામાં ઓછી ત્રણ તબીબી તપાસ, સંસ્થાકીય પ્રસુતિ, પ્રસુતિ બાદની માવજત અને ઉભી થતી મુશ્કેલીઓના સમયસર નિદાન માટે પોસ્ટ નેટલ કેરની જોગવાઈ કરવામાં આવી છે.	આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
૮૧.	નિર્મળ ભારત અભિયાન	આ અભિયાન હેઠળ વ્યક્તિગત શૌચાલય, સામૂહિક શૌચાલય, શાળા શૌચાલય અને આંગણવાડી શૌચાલય તેમજ ગામોમાં પ્રાથમિક શાળાઓમાં અને આંગણવાડીનાં બાળકોમાં આરોગ્યપ્રદ જીવન માટેની આદતો અને સુટેવોનું નિરૂપણ અને આચરણનો સમાવેશ કરવામાં આવે છે. બી.પી.એલ. લાભાર્થીને પ્રોત્સાહક રકમ રૂા. ૪,૦૦૦/- આપવામાં આવે છે.	તાલુકા પંચાયત
૮૨.	આમ આદમી બિમા યોજના	ગ્રામીણ વિસ્તારના અતિગરીબ જમીન વિહોણા ખેત મજૂર કુટુંબોને વીમા કવચ પુરું પાડવા માટે આ યોજના અમલી છે. કુદરતી મૃત્યુના કિસ્સામાં રૂા. ૩૦,૦૦૦/-, આકસ્મિક મૃત્યુના કિસ્સામાં વારસદારને રૂા. ૩૫,૦૦૦/-, કાયમી વિકલાંગતાના કિસ્સામાં રૂા. ૩૫,૦૦૦/- અને આંશિક વિકલાંગતાના કિસ્સામાં રૂા. ૩૭,૫૦૦/- સહાય આપવામાં આવે છે.	તાલુકા પંચાયત
૮૩.	સામાજિક સુરક્ષા ફંડ	આ યોજના હેઠળ ૧૪ થી ૭૦ વર્ષની વય જૂથ ધરાવતા અસંગઠિત શ્રમયોગીઓને શ્રમિક સુરક્ષા વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવે છે. જેમાં અકસ્માતે અવસાન અથવા બે અંગમાં કાયમી અપંગતાના કિસ્સામાં રૂા. ૧,૦૦,૦૦૦/- તથા આંશિક અપંગતાના કિસ્સામાં રૂા. ૫૦,૦૦૦/-ની વીમા સહાય ચૂકવવામાં આવે છે.	તાલુકા પંચાયત

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૮૪.	પોષક આહાર કાર્યક્રમ	સમાજના ૬ માસથી ૩૬ માસ સુધીના વયના બાળકો તથા સગર્ભા / ધાત્રી માતાઓના કુપોષણ દૂર કરવા માટે આ કાર્યક્રમ અમલી છે. આ યોજના હેઠળ નાના બાળકો અને સગર્ભા / ધાત્રી માતાઓને પૂરકપોષણ, પૂર્વ પ્રાથમિક શિક્ષણ, રોગ પ્રતિકારક રસીઓ, આરોગ્ય તપાસ, રેફરલ સેવાઓ, આરોગ્ય અને પોષણ વિષયક શિક્ષણની સેવાઓ આપવામાં આવે છે.	આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
૮૫.	બાલ ભોગ યોજના	સંકલિત બાળ વિકાસ સેવાના લાભાર્થીઓ માટે આંગણવાડી પર બનતો ખોરાક ૩ વર્ષથી નાના બાળકો ખાઈ શકતા નથી. ૫૦૦ ગ્રામના પેકેટમાં ટેક હોમ રાશન તરીકે લાભાર્થી બાળકોની માતાને ઘરે આપવામાં આવે છે. માસિક ૫૦૦ ગ્રામના ૭ પેકેટ આપવામાં આવે છે.	આંગણવાડી
૮૬.	આંગણવાડીના બાળકોને ફળ આપવાની યોજના	રાજયના તમામ જિલ્લાઓમાં ૩ થી ૬ વર્ષના બાળકોને માસિક રૂા. ૧૦/- પ્રતિ લાભાર્થી મુજબ ફળ આપવાની યોજના અમલી છે.	આંગણવાડી
		આવાસ યોજનાઓ	
૮૭.	સંકલિત આવાસન અંગે ગંદા વસવાટ સુધારણા કાર્યક્રમ	આ કાર્યક્રમ ગંદા વસવાટોમાં પાયાની સવલતો અને મકાનો બનાવવા માટે સંકલિત યોજના છે.	તાલુકા પંચાયત
૮૮.	રાજીવ આવાસ યોજના	રાજીવ આવાસ યોજનામાં સમાવેશ દરેક શહેરને ગંદા વિસ્તાર મુક્ત બનાવવા ફરજીયાત છે. આ યોજનામાં માળખાકીય સુવિધાઓનો વિકાસ, ગંદા વસવાટોનું પુનઃવસન, નીચા દરના આવાસોનું નિર્માણ વિગેરે કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવે છે.	તાલુકા પંચાયત
૮૯.	ડૉ. આંબેડકર આવાસ યોજના	અનુસૂચિત જાતિના બીપીએલ યાદીમાં સમાવેશ ૧૭ થી ૨૦ સ્કોરવાળા લાભાર્થીઓને રૂા. ૪૫,૦૦૦/- સુધીની વ્યક્તિગત ધોરણે મકાન બાંધવા માટે સહાય આપવામાં આવે છે.	તાલુકા પંચાયત

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત		અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૯૦.	સરદાર પટેલ આવાસ યોજના	ગ્રામ્ય સ્તરે જમીન વિહોણા ખેતમજૂરોને આવાસની સુવિધા માટે આ યોજના અમલમાં છે. આ યોજના હેઠળ યુનિટ કોસ્ટ રૂા. ૪૫,૦૦૦/-ની સહાયક તથા રૂા. ૭,૦૦૦/- લાભાર્થી શ્રમફાળો તેમજ રૂા. ૨,૨૦૦/- શૌચાલય બનાવવા માટે સહાય તેમજ રૂા. ૩૦૦ લાભાર્થી શ્રમફાળો એમ મળી કુલ રૂા. ૫૪,૫૦૦/- આપવામાં આવે છે.		તાલુકા પંચાયત
૯૧.	ઈન્દિરા આવાસ યોજના	ગ્રામીણ વિસ્તારના ગરીબી રેખા હેઠળ જીવતા ગ્રામીણ ગરીબોને પાકા મકાનની સુવિધા પૂરી પાડવા લાભાર્થીને નવા આવાસ તથા આવાસ સુધારણા માટે સહાય આપવામાં આવે છે. પ્રત્યેક આવાસનો એકમ ખર્ચ રૂા. ૫૨,૦૦૦/- આપવામાં આવે છે.		તાલુકા પંચાયત
અત્યાચાર અને અસ્પૃશ્યતા નિવારણ માટેની યોજનાઓ				
૯૨.	ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતીય લગ્નોને પ્રોત્સાહન	અસ્પૃશ્યતા નાબુદીના ભાગરૂપે અનુસૂચિત જાતિ અને સવર્ણ જ્ઞાતિઓ વચ્ચે આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે યુગલ દીઠ રૂા. ૨૫,૦૦૦/-ના બચતપત્રો અને રૂા. ૨૫,૦૦૦/- રોકડા ઘરવખરી ખરીદવા માટે એમ કુલ રૂા. ૫૦,૦૦૦/- સહાય આપવામાં આવે છે.		જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
૯૩.	અત્યાચારના બનાવોમાં સહાય	અનુસૂચિત જાતિઓ પર થતાં અત્યાચારના બનાવોમાં નીચે મુજબની સહાય આપવામાં આવે છે.		જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
		ખુન (કમાઉ વ્યક્તિ)	• દરેક કેસમાં રૂા. ૫ લાખ. ૭૫% રકમ પ્રથમ અને બાકીના ૨૫% ગુન્હો સાબિત થયા પછી.	
		બિન કમાઉ	• રૂા.૨.૫ લાખ. ૭૫% રકમ પહેલાં અને બાકીની ૨૫% રકમ કોર્ટમાં કેસ સાબિત થાય પછી	

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત		અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
	અત્યાચારના બનાવોમાં સહાય	બળાત્કાર મહાવ્યથા અપમાન, ધાક-ધમકી બહિષ્કાર	• રૂા. ૧,૨૦,૦૦૦/- તે પૈકી ૫૦% તબીબી પરીક્ષણ થયા પછી અને ૫૦% રકમ કેસ પુરો થયા પછી. • રૂા. ૧,૨૦,૦૦૦/- સહાય • રૂા. ૬૦,૦૦૦/- સુધી, ચાર્જશીટ સમયે ૨૫% અને ૭૫% કેસ સાબિત થાય પછી. • પ્રત્યેક કમાઉ-બિનકમાઉ વ્યક્તિને રૂા. ૧૫ લેખે પ્રતિદિન વધુમાં વધુ છ માસ સુધી.	જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારી
અન્ય યોજનાઓ				
૯૪.	કુંવરબાઈનું મામેરૂં	અનુસૂચિત જાતિના કુટુંબની પુખ્તવયની એક કન્યાના લગ્ન પ્રસંગે મામેરૂં માટે રૂા. ૧૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૨૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા. ૩૬,૦૦૦/- રાખવામાં આવેલી છે.		તાલુકા પંચાયત
૯૫.	માઈ રમાબાઈ આંબેડકર સાત ફેરા સમૂહ લગ્નની યોજના	અનુસૂચિત જાતિના લગ્ન કરનાર દંપતિને રૂા. ૧૦,૦૦૦/- નાણાકીય સહાય આપવામાં આવે છે. સમૂહ લગ્ન કરાવનાર સંસ્થાને રૂા. ૨,૦૦૦/- અને વધુમાં વધુ રૂા. ૫૦,૦૦૦/- આપવામાં આવે છે.		તાલુકા પંચાયત
૯૬.	વિધવા બહેનોના પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય	૧૮ વર્ષથી વધુ વયની વિધવા બહેનોને રૂા. ૭૫૦/-ની સહાય અને બે બાળકોની મર્યાદામાં બાળકદીઠ રૂા. ૧૦૦ આજીવન ચૂકવવામાં આવે છે.		તાલુકા પંચાયત
૯૭.	અંત્યોદય અન્ન યોજના	સસ્તા અનાજ વિતરણની દૂકાનો મારફતે નિયત ભાવે ઘઉં, ચોખા, ખાંડ, આયોડીનયુક્ત મીઠું, ખાદ્યતેલ અને કેરોસીનનું વિતરણ થાય છે. ગરીબ કુટુંબો પૈકી અતિ ગરીબ કુટુંબોને અંત્યોદય અન્ન યોજના હેઠળ સમાવવામાં આવે છે.		મામલતદાર કચેરી

ક્રમ	યોજનાનું નામ	યોજનાની વિગત	અરજી મેળવવાનું/ કરવાનું સ્થળ
૯૮.	અન્નપૂર્ણા યોજના	આ યોજના હેઠળ ગરીબ કુટુંબોના ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધો કે જેઓ રાષ્ટ્રીય નિરાધાર માટેની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવા પાત્ર હોય પરંતુ પેન્શન મળતું નથી તેવા નાગરિકોને માસિક ૧૦ કિ.ગ્રા. અનાજ વિના મૂલ્યે આપવામાં આવે છે.	મામલતદાર કચેરી
૯૯.	બારકોડેડ રેશનકાર્ડ	બારકોડેડ રેશનકાર્ડ રાજ્યના ગરીબ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવા માટે તેમજ રાજ્યની જાહેર વિતરણ વ્યવસ્થાના માળખાને સુદૃઢ બનાવવા માટે લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થી કાર્ડધારકની ખરાઈ તેમજ કેટેગરીવાઈઝ યોગ્ય વર્ગીકરણ માટે હાલના કાર્ડધારકોને બારકોર્ડેડ રેશનકાર્ડ આપવામાં આવે છે.	મામલતદાર કચેરી

: સંકલન :
જનવિકાસ
સી-૧૦૫, રોયલ ચિન્મય ટાવર,
ન્યુ આઈ.ઓ.સી. પેટ્રોલ પંપની સામે,
પ્લેટીનમ પ્લાઝાની બાજુમાં, બોડકદેવ, અમદાવાદ – ૩૮૦૦૫૪
ફોન : ૦૭૯ - ૨૬૮૫૭૭૪૫

satyamprint@gmail.com 98246 83706